## અમરેલી વિધાનસભા વિસ્તારની કાયાપલટ કરવા ધારાસભ્યશ્રી કૌશિક વેકરીયાને સફળતા

# અમરેલીનાં ગામોમાં ૨૮ કામો મંજુર કરાવતા શ્રી કૌશિક વેકરીયા

### વિવિધ રસ્તાઓનાં સ્ટ્રકચરનાં કામો માટે રાજ્ય સરકાર દ્વારા ૧૩ કરોડ ૫૫ લાખ રૂપિયા જેવી માતબર રકમને મંજુરી આપતા મુખ્યમંત્રી શ્રી પટેલ

### સ્લેબ ડ્રેઇન, પાઇપ કલ્વર્ટ, અનેક વિવિધ કોઝવેનાં કામોને મંજુરી અપાઇ : ૧૧ ગામોનાં વિસ્તારોને આવરી લીધા : આગામી દિવસોમાં કામગીરી શરૂ



અમરેલી,　　અમરેલી વિધાનસભાના

અમરેલી અને કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોના રસ્તાના અલગ અલગ કામો જેવા કે, સ્લેબ ડ્રેઈન, પાઈપ કલ્વર્ટ અને કોઝવેના વિવિધ કામો મંજૂર કરાવવા માટે ધારાસભ્યશ્રીએ આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી. જેને મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્વીકાર થતાં કુલ રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમના ૨૮ જેટલાં સ્ટ્રકચરના કામોને મંજૂરી મળી છે.

આ કામોમાં અમરેલી તાલુકાના ચાડિયા-લાપાળિયા રોડના લાપાળિયા, શંભુપુરા, કેરિયાચાડ, સાજિયાવદરને લાભકર્તા સ્લેબ ડ્રેઈન અને પાઈપ કલ્વર્ટના કામો માટે ૩ કરોડ ૫૦ લાખ, જાળિયા-કેરાળા-હડાળા જાળિયા, કેરાળા હડાળા અને ખારી ખીજડિયા જેવા ગામોને લાભકર્તા પાઈપ કલ્વર્ટ અને સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૬ કરોડ ૫૫ લાખના કામો તથા કુંકાવાવ તાલુકાના વાવડી ચોકી - લખાપાદર -ઈશ્વરિયા રોડના વાવડીરોડ , સનાળા, લખાપાદર, ઈશ્વરિયા અને ભાયાવદર જેવા ગામોને લાભકર્તા કોઝવેના કામ માટે રૂપિયા ૨ કરોડ ૮૦ લાખના કામને તથા - ખજૂરી -મેઘા પીપળીયા રોડના સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૭૦ લાખના કામને મંજૂરી મળેલ છે.આમ અમરેલી અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧ ગામોના ૨૮ જેટલા કામો માટે રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમ મંજૂર થતા આગામી દિવસોમાં આ કામોનો આરંભ થશે. જેથી આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાને એનો સીધો લાભ મળી રહેશે.

## બગસરામાં મોટી હવેલીના પૂ. પા. ગો. ૧૦૮ શ્રીપ્રભુજી બાવાશ્રીનો જન્મોહોત્સવ ઉજવાશે

### પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવોઓ બહોળી સંખ્યામાં લાભ લેશે



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરાના પૂ.પા.ગો. ૧૦૮ શ્રી પ્રભુજી મહારાજશ્રી નો આજે બગસરા મોટી હવેલી ખાતે જન્મોત્સવ ઉજવવામાં આવશે જેમાં સવારે ૧૦ કલાકે પલના દર્શન બપોરે ૧૨ કલાકે માર્કન્ડેયપૂજા બપોરે ૧ કલાકે મહાપ્રસાદ સાંજે ૭:૩૦ કલાકે શ્રી ઠાકોરજીના દર્શન રાત્રીના વધાઈ કીર્તન કરવામાં આવશે આ જન્મોત્સવની ઉજવવાની સંપૂર્ણ પૂ.પા.ગો. શ્રીરાસેશ્વર બાવાશ્રી તેમજ શ્રીમહાલક્ષ્મી મહિલા મંડળ શ્રીમદન મોહન પ્રભુ કીર્તન મંડળી શ્રીવૈષ્ણવ યુથ કલબ બગસરા શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ઉત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારી કરવામા આવેલછે તો આ જન્મોત્સવનો લાભ દરેક પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવો મોટી સંખ્યામાં લાભ લેવા જણાવ્યું છે.

### શ્રી રાંદલ માતાજીનાં મંદિરનાં બ્રહ્મલીન મહંત શ્રી બળવંતપ્રગટ બાપુની છઠ્ઠી પુણ્યતિથિ નિમિતે

# દડવાનાં દાતાર રાંદલમાં સામે શીશ ઝુકાવતા શ્રી કૌશિક વેકરીયા

### શ્રી બળવંતપ્રગટ બાપુની પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન અર્પણ કરતા શ્રી વેકરીયા અને મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયા : વિવિધ પ્રશ્નોની ચર્ચા કરી



બાબરા, કુંકાવાવ તાલુકા ના સુપ્રસિદ્ધ રાંદલ ના દડવા ગામે આજે મંદિર બ્રહ્મલીન મહંત બળવંતપ્રગટ બાપુ ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિતે યોજવા માં આવેલા ધાર્મિક કાર્યમાં ગુજરાત સરકાર ના મંત્રીઓ ઉપસ્થિત રહી અને માતાજી પ્રત્યે ની શ્રદ્ધા સાથે બ્રહ્મલીન મહંત બળવંતપ્રગટ બાપુ ને શ્રદ્ધાંજલી સાથે શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા

રાંદલનાં દડવા ખાતે યોજાયેલા ધાર્મિક કાર્યમાં રાજ્યના નાયબ મુખ્ય દંડક - વિધાનસભા અને સંસદીય બાબતો વિભાગના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા તથા અન્ન પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા ઉપસ્થિત રહી અને દડવા ની દાતાર તરીકે વિશ્વ વિખ્યાત શ્રી રાંદલ માતાજી ના ચરણો માં પોતાના શીશ જુકાવી આશીર્વાદ મેળવ્યા હતા બાદ બ્રહ્મલીન મહંત બળવંત પ્રગટ બાપુ ની છઠ્ઠી પુણ્યતિથિ એ પોતાના શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતાં.મંદિરના મહંત શ્રી રમેશપ્રગટ બાપુ તથા શ્રી હરેશ પ્રગટ બાપુના જણાવ્યા મુજબ રાજ્યના મંત્રીશ્રી ઓ દ્વારા આજે મંદિર દર્શન અને બ્રહ્મલીન મહંત શ્રી ને શ્રદ્ધાંજલી સાથે મંદિર ની ધાર્મિક વ્યવસ્થા જાણી અને પોતાનો ભાવ રજુ કર્યો હતો સાથો સાથ આ વિસ્તારના વિવિધ પ્રશ્નો અને વિકાસ માટે રાજ્ય સરકારનું ધ્યાન દોરવા પણ અનુરોધ કર્યો હતો.

## જાફરાબાદની નગરપાલિકામાં અનુજાતિની સીટ ફાળવવા માંગ

### જીલ્લા કોગ્રેંસ અનુજાતિ વિભાગના શ્રી બગડાની રજુઆત

જાફરાબાદ,

જાફરાબાદ નગરપાલિકા વિસ્તારમાં અનુજાતિને સીટ ફાળવવા અમરેલી કલેકટરને પત્ર પાઠવી અમરેલી જીલ્લા કોગ્રેંસ અનુજાતિ વિભાગના ચેરમેનશ્રી હસમુખભાઈ બગડાએ જણાવ્યું છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

**૭૦,૯૦૦/-**

(૧૦ ગ્રામ)

રહેલ તા.૧૭-૦૧-૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.


## સાવરકુંડલાના માનવ મંદિરની મુલાકાતે પૂજ્ય મોરારીબાપુ



રાજુલા, (કનુભાઈ વરૂ) સાવરકુંડલા માનવ મંદિર કોઈ અજાણ નહીં હોય અહીંયા ભક્તિ રામ બાપુ ની ભગીરથ પ્રયાસથી તેની સેવાઓ કલ્પી ન શકાય તેવી અને પૂજનીએ સંત અનેક અનાથો બાળાઓની સેવા સતત જાગૃત હોય અને માનવસેવા એ જ પ્રભુ સેવા નું સૂત્ર સારથ કર્યું છે ત્યારે આજે પરમ પૂજ્ય કથાકાર એવા મોરારીબાપુ આશ્રમની મુલાકાત અને હળવાશ ની પળોમાં મોરારી બાપુએ પેટી વાજુ એમોનિયમ પણ વગાડ્યું અને દેશી ભજન સંતવાણી પણ સાંભળી આ પ્રસંગે શ્રી ભક્તિ રામ બાપુ તથા માલિકભાઈ તથા ભાઈ વાળા તથા બીસુભાઈ વરુ તેમજ ભક્તિ રામ બાપુ નો સેવો ગણ પણ ઉપસ્થિત રહ્યો હતો અને મોરારીબાપુએ ભક્તિ રામ બાપુના સેવા કીયકાર્યથી રાજીપો વ્યક્ત કર્યો હતો.

### ઉતરાયણનાં પાવન પર્વ નિમિતે પુજ્ય આપાગીગાનાં જન્મસ્થળ

## વડીયાના રામપૂર તોરી ગામે બટૂક ભોજન કરાવાયું

### શોભાયાત્રામાં ગ્રામજનો જોડાયા : નિરાધારોને રામરોટી આપી



તોરી, (વિનુભાઈ કોટડીયા)

વડીયા કુંકાવાવના તોરી રામપુર ગામે ટીંબા ઉપર આશ્રમમાં બાળકોને ઉતરાયણ નિમિતે બટુક ભોજન કરાવી નિરાધારોને રામરોટી આપી ભવ્ય શોભાયાત્રા યોજી હતી. ૧૭૭૭ ની સાલમાં સંત આપાગીગાનો જન્મ થયેલો તે સ્થળે રામપુરના યુવાનોએ આપાગીગાના જન્મ સ્થળને જાગૃત કરી પુજા આરતી અને રામરોટી શરૂ કરી હતી. શ્રી બોરડ ચતુરભાઈના માર્ગદર્શન નીચે શોભાયાત્રા યોજી દરેક ભક્તોને પ્રસાદ વિતરણ કર્યો હતો.

દરરોજ પ્રસાદી વિતરણ, શ્વાનને રોટી અપાય છે પણ શ્વાન ખાતો નથી કાર્યક્રમ સફળ બનાવવા કિશોરભાઈ વાઘાણી, શ્રી મધુભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી માવજીભાઈ, શ્રી રતિભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી કાંતીભાઈ, શ્રી અજયભાઈ ભરવાડ અને ગ્રામજનો સહયોગી બની રહયા છે.


**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from CHINTAN BHAGAT GURU LAKSHMIPRASAD PARSHAD TO KIRTANPRIY GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- KIRTANPRIY GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from VARNI SWAMI LAKSHMI PRASAD DASJI SWAMI TO HARIVADANSWARUP GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- HARIVADANSWARUP GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from SANKDASARIYA PARESH PRAVINBHAI TO VAMANSWARUP GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- VAMANSWARUP GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from GHANSHYAM BHAGAT GURU LAKSHMIPRASAD DASJI PARSHAD TO SHREEJISWARUP GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- SHREEJISWARUP GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from PARSHAD SARVAMANGALBHAGAT GURULAXMIPRASADDASJI TO SADGUNSWARUP GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- SADGUNSWARUP GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from SAGAR BHAGAT GURU LAKSHMIPRASAD DASJI PARSHAD TO MANGALSWARUP GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- MANGALSWARUP GURULAXMIPRASADDASJI SWAMI

**CHANGE IN NAME**
I the undersigned hereby declare that I have my name from RATHOD CHINTAN NILESHBHAI TO CHINTANBHAGAT GURULAXMIPRASADDASJI SWAMI
Sd /- CHINTANBHAGAT GURULAXMIPRASADDASJI SWAMI

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ સાંકડાસરિયા પરેશ પ્રવિણભાઇ માંથી બદલીને વામનસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - વામનસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ પાર્ષદ સર્વમંગલ ભગત ગુરૂ લક્ષ્મીપ્રસાદદાસજી માંથી બદલીને સદગુણસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - સદગુણસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ ઘનશ્યામ ભગત ગુરૂ લક્ષ્મીપ્રસાદદાસજી પાર્ષદ માંથી બદલીને શ્રીજીસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - શ્રીજીસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ રાઠોડ ચિંતન નિલેષભાઈ માંથી બદલીને ચિંતનભગત ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - ચિંતનભગત ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ વર્ણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી માંથી બદલીને હરિવદનસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - હરિવદનસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ ચિંતન ભગત ગુરૂ લક્ષ્મીપ્રસાદદાસ પાર્ષદ માંથી બદલીને કીર્તનપ્રિય ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - કીર્તનપ્રિય ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

**નામ બદલાવેલ છે**
આથી મેં મારું નામ સાગર ભગત ગુરૂ લક્ષ્મીપ્રસાદદાસજી પાર્ષદ માંથી બદલીને મંગલસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી રાખેલ છે. હવે હું નવા નામે ઓળખાઈશ.
સહી - મંગલસ્વરૂપ ગુરૂલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી

(૧) કોમર્સિયલ ટર્બો તેમજ દરેક ડીજલ કારના ટર્બો રિપેરીંગ
(૨) ઓટોમેટિક ફોલ્ડ મિરર તેમજ પાવર વિન્ડો સ્વિચ રિપેરીંગ
(૩) હેડલાઇટ રીપેરીંગ તેમજ રીસ્ટોર
સ્ટેશન રોડ, પાણી પુરવઠા બોર્ડ સામે, ભક્તિ કુટિર કોમ્પલેક્ષ, દુકાન નં.૧, અમરેલી
મો.૭૦૬૯૬ ૩૦૬૪૦

**ભાડેથી / વેચાણથી આપવાનું છે**
અમરેલી નગરપાલિકાની હદમાં આવેલ ફાર્મહાઉસ જેમાં ૨ રૂમ, સ્ટોરરૂમ - ૭૦ ફુટ શેડ - બોર તેમજ ખેતીલાયક જમીન સાથે તબેલા માટે અનુકુળ ભાડેથી કે વેચાણથી આપવાનું છે
-:: સંપર્ક ::-
મો.૭૦૧૬૩ ૫૫૪૭૪, ૯૭૨૩૫ ૭૫૮૦૦

**જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ**
■ લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર જાણકારની પહેલી પસંદગી
લાયકાત મુજબ પગાર આપવામાં આવશે
૧૪૯/- રૂા.ની ખરીદી ઉપર સાત વસ્તુ ફ્રી આપવામાં આવશે
૫૦૦/- રૂા.ની ખરીદી ઉપર થરમોસ સાથે બે કપ ફ્રી આપવામાં આવશે
વિજયચોક બગસરા, મો.૯૧૦૪૪ ૦૨૬૪૩

**બંગલા ટાઇપ મકાન વેચવાનું છે**
બ્લોક નં.૮૧, શેરી નં.૨, ઓમનગર, ચિતલ રોડ, અમરેલી
ફુલ ફર્નિષ્ડ મારબલ ફલોરીંગ સાથે તમામ સુવિધાઓ ધરાવતુ બંગલા ટાઇપ મકાન કસમાં વેચવાનું છે
-:: સંપર્ક ::-
એસ.આર.કુબાવત (રીટાયર્ડ મામલતદાર)
મો.૯૯૭૯૫ ૫૮૫૮૫

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**સ્પેશિયલ મંદિર માટે**
મોરની સાઉન્ડ સિસ્ટમ
આરતી સમયે વગાડવા માટે શંખ, ઝાલર, નગારાની સાઉન્ડ સિસ્ટમ તેમજ મંત્ર જાપની સિસ્ટમ માટે
**સ્વામિ ઈલેકટ્રોનિક**
પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, પટેલ ટાયરની પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
મકરસંક્રાંતિનો આનંદ માણો અવધ ડેરીફાર્મ સંગ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
**અવધ ડેરીફાર્મ** સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

**શક્તિવર્ધક આયુર્વેદિક ''ટ્રીટ'' કેપસુલ**
ડોક, ખંભા, પીઠ, કમર, ગોઠણના દુઃખાવાને દુર કરવાનો સરળ અને સચોટ ઉપાય એટલે... શક્તિવર્ધક આયુર્વેદિક ''ટ્રીટ'' કેપસુલનું નિયમીત સેવન
ટ્રીટ છે શુધ્ધ સ્ટોરોઇડથી મુક્ત
એકમાસનો ખર્ચ ફક્ત રૂા.૪૦૦/- (૬૦ કેપસુલ)
ટ્રીટ ઘરે બેઠા મેળવવા માટે : ૯૪ ૮૪ ૫૫ ૪૦૪૦

## યુએન દ્વારા જાહેર કરેલ ત્યારે સહકારી વર્ષ અનુસંધાને

# પશુધન વિનિમય મંચ દ્વારા એમઓયુ કરાયાં

### એનસીયુઆઈનાં અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી, સીઈઓડો.સુધીર મહાજન, અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિન સાવલીયા, એમ.ડી.ડો.આર.એસ.પટેલ અને શ્રી ખન્નાની ઉપસ્થિતિ

### શ્વેતક્રાંતિ સર્જવા માટે એનસીવાય, એન્ડીડીબી, કેપીએમજી, સીએઆરડી સહિત સંસ્થાઓ સહયોગમાં : શ્રી દિલિપ સંઘાણીનું માર્ગદર્શન અને નેતૃત્વ



અમરેલી,

ભારત દુધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે તેવા સમયે પશુધન વ્યવસ્થાપન અને શ્વેત ક્રાંતિને વધુ અસરકારક અને જીલ્લા-રાજયના વિકાસમાઅગ્રેસર સહકારીક્ષેત્રસતત પ્રયત્નશીલ છે તેમા અમરેલી જીલ્લો પશુપાલન-દૂધ ઉત્પાદનમા શ્રેષ્ઠ કામગીરી બજાવી રહેલ છે. પશુપાલન અને દૂધ ઉત્પાદન કાર્યને વધુ કાર્યદક્ષ બનાવવા અંતર્ગત કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયા (એન.સી.યુ.આઈ.), નેશનલ ડેરી ડેવલપમેંન્ટ બોર્ડ (એન.ડી.ડી.બી.), કે.પી.એમ.જી., ડી.સી.એકસ. અને કાઉન્સિલફોર એગ્રીકલ્ચર એન્ડરૂરલ ડેવલપમેંન્ટ (કાર્ડ) દ્વારા એન.સી.યુ.આઈ. પશુધન વ્યવસ્થાપન સહયોગ તળે શ્વેતક્રાંતિના દ્વીતીયચરણમાં ઈન્ડિયા લાઈવસ્ટોક એક્સચેન્જ પ્લેટફોર્મ (આઈ.એલ.ઈ.) માટે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતાં. આ તકે એન.સી.યુ.આઈ.-ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, સી.ઈ.ઓ. ડો.સુધીર મહાજન, અશ્વિનભાઈ ડો.આર.એસ.પટેલ અને તૃપ્તિ ખન્ના સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

## અમરેલીના રાજકમલ ચોકમાં આખલા યુધ્ધ : ટ્રાફિક જામ

### આખલાઓ આખડતા વેપારીઓ સહિત રાહદારીઓ જોવા ઉભા રહયા



અમરેલી,

અમરેલીનાં ભરચક્ક વિસ્તાર એવા રાજકમલ ચોકમાં સાંજનાં સમયે બે આખલાઓ રોડની વચોવચ સામ સામે આવી જતા અડધો કલાક સુધી આખલા યુધ્ધ ચાલ્યું હતુ અને દુકાનદારો તથા રાહદારીઓ સહિત વાહન ચાલકો પણ સાઈડમાં ખસી ગયા હતાં અને મોડે સુધી આ તમાશો નિહાળ્યો હતો. આખલાઓને પાણી છાટ્યાં છતા પણ આખલાઓ હટ્યા ન હતાં અને વાહન ચાલકો પણ ત્યાંથી પસાર થવામાં ડર અનુભવતા હતાં.

#### વિધાર્થીઓમાં સહકારીતાની જાગૃતતા માટે શ્રી સંઘાણીની અધ્યક્ષતામા

## રાજસ્થાન ટાંટીયા યુર્નીવસીટી સાથે એનસીયુઆઇના એમઓયું

### ટાંટીયા ગૃપના ઉપાધ્યક્ષ ડો.મોહિત ટાંટીયા, મહા પ્રબંધક વિકાસ સચદેવા સહિતના મહાનુભાવો સહિતની ઉપસ્થિતિ



અમરેલી,

વિધાર્થીઓમાં સહકારીતાની ભાવના જાગૃત અને આ ક્ષેત્રમાં યુવા શક્તિ સામેલ થઈને સહકારી પ્રવૃતિને દિશાનું માધ્યમ બને તે સાંપ્રત સમયની જરૂરીયાત છે. યુવાનો સહકારી પ્રવૃતિમાં જોડાય તે માટેના પ્રયત્નોને આપવા ભાગરૂપે એન.સી.યુ.આઈ. દ્વારા રાજસ્થાન સ્થિત ટાંટીયા યુર્નીવસીટી સાથે પરિણામલક્ષી એમ્.ઓ.યુ. દ્વારા વિધાર્થી જાગૃતિ પ્રયાસ કરવામાંઆવશે. તેમજ સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓની ક્ષમતા વિકાસ તેમજ મહત્વપુર્ણ ભુમિકા ભજવશે જે અંતર્ગત આજરોજ એમ્.ઓ.યુ. કરવામાંઆવેલ છે. આ કાર્યક્રમમાં ટાંટીયા ગ્રૃપના ઉપાધ્યક્ષ ડો.મોહિત ટાંટીયા, યુનીર્વસીટીના જનરલ મેનેજર શ્રી વિકાસ સચદેવા અને નાસી.ઈ. ડો.સુધીર મહાજન તેમજ એન.સી.યુ.આઈ. ના અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

#### એનસીયુઆઇનાં ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનાં અધ્યક્ષ પદે

## શ્રી દતોપંત ઠેંગડી વર્કસ એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ બોર્ડ સાથે એમઓયુ કરાયાં

### શ્રી દિલીપ સંઘાણી DTNBWED ના ચેરમેન વિરજેસ ઉપાધ્યાય, નિર્દેશક જનરલ નિરજ શર્મા, ઉપનિર્દેશક કર્નલસિંહ સહિત પદાધિકારી સહિતની ઉપસ્થિતિ



અમરેલી, સંયુક્ત રાષ્ટ્રદ્વારાવર્ષ-૨૦૨૫ ને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે ઘોષિતSZJFDFઆવેલછેજેઅંતર્ગત વિવિધ સહકારી પ્રવૃતિઓ સેમીનારો, અધિવેશ, મેળાવડાઓ અને પરિસંવાદ દેશમા ચાલી રહેલ છે જેમા ઓર્ગેનિક ખેત પધ્ધતી, પશુપાલન, ઉત્પાદન, આંતરરાષ્ટ્રિય સહકારી પ્રવૃતિ અને બળવતર બનાવવા સઘન પ્રયાસો હાથ ધરવામા આવેલ છે.

જે અંતર્ગત આજરોજ એન.સી.યુ.આઈ - ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને એન.સી.યુ.આઈ. અને દતોપંત ઠેંગડી નેશનલ ફોર વર્કસ એજયુકેશન એન્ડ ડેવલપમેન્ટ સમગ્ર ભારતમાં એક સયુંક્ત પ્લેટફોર્મ પર સાથે મળી ને કામ કરશે. જયાં કામદારોની તાલીમ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રીતે વર્કશોપનું આયોજન કરવામાં આવશે.

દતોપંત ઠેંગડી, ગર્વનિગ બોર્ડ ઓફ લેબર એજયુકેશન એન્ડ ડેવલપમેન્ટ નેશનલ બોર્ડની ગર્વનિગ બોડીના ચેરમેનશ્રી બ્રિજેશ ઉપાધ્યાય, ડાયરેકટ જનરલ કર્નલ શર્મા, ડેપ્યુટી ડાયરેકટર (શિક્ષણ) શ્રી કર્નલસિંહઅને એન.સી.યુ.આઈ. ના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## વડોદરા નજીક અસોજ ગામની સીમમાં પતિએ પત્નિની હત્યા કરી


કલરવ હોસ્પિટલ

ડો. મિથિલ આર.પટેલ
સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)

સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?

આયુષ્યમાન કાર્ડ અંતર્ગત

ફ્રી ડિલીવરી સિઝીરિયન ઓપરેશન

- સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
- નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
- નિ:સંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
- ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર
- ગર્ભાશય અને અંડાશયના રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર

કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322



એક જ ભાવ વ્યાજબી ભાવ
Anand
હંમેશા કંઈક નવું...
શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



કોળી શક્તિ યુવક મંડળ અમરેલી આયોજીત

૪૦ મો સમુહલગ્ન

તારીખ : ૨-૩-૨૦૨૫ રવિવાર

લગ્ન કન્યા ફી રૂા.૧૨,૫૦૦/-
લગ્ન વર ફી રૂા.૧૨,૫૦૦/-

- સરકારી યોજનાનો લાભ મળશે
- લગ્ન રજીસ્ટ્રેશન વિનામુલ્યે
- કન્યાને કરીયાવરમાં ૮૦ વસ્તુઓ મળશે

નોંધણી ચાલુ છે
રમેશભાઇ એસ.ગોહીલ - પ્રમુખ
મો.૯૩૭૪૭ ૩૪૮૨૦

સ્થળ : રામ એસ્ટેટ, જુના માર્કેટયાર્ડની અંદર, ફ્રુટ માર્કેટ, દુકાન નં.બી/એફ ૧૩ પહેલો માળ, અમરેલી



શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?

તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક

લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.

RTO એડવાઇઝર

સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક
મો. ૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી


### દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઇ એન.દવે એડવોકેટ સરનામું ઓફીસ : દેવ કોર્પોરેટ, લીલીયા મોટા, મો.૯૪૨૬૭ ૧૬૪૨૫ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ / તાકિદ કરવામાં આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઇશથી આ જાહેર નોટીસ આપી જણાવુ છુ કે, અમરેલી ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે :- ગુંદરણના ખેડ ખાતા નં.૧૧૪૫ ના રેવન્યુ સર્વે નં.૨૪૨ નું ક્ષેત્રફળ :- ૦-૮૪-૯૮ ચો.મી. થી નોંધાયેલ જે જુની શરતની છે. જે ખેતીની બિનપીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) પ્રવિણભાઇ જીવરાજભાઇ ગોગદાણી ના નામે ચાલી આવેલ છે મજકુર મિલ્કતના ટાઇટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર મિલ્કતમાં તેઓ સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલ્કત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલ્કતમાં જો કોઇનો વાંધો વિરોધ કે હક્ક, હિત, સબંધ, લાગભાગ, દરદાવો કે ઇઝમેન્ટ તથા અન્ય કોઇપણ રીતે હક્ક, હિસ્સો હોય અથવા તો કોઇ બેંક, સંસ્થાનું લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઇપણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ માં પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલ્કતમાં કોઇ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મજકુર મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ જાતનો તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી અને તેવા ઇસમોને કોઇપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી જેની જનતાએ નોંધ લેવી.

લી. આપનો વિશ્વાસુ મનોજભાઇ એન.દવે એડવોકેટ મો.૯૪૨૬૭ ૧૬૪૨૫
સરનામું : દેવ કોર્પોરેટ ઓફીસ, ગ્રામ પંચાયત કચેરીની સામે, લીલીયા મોટા - ૩૬૫૫૩૫

### -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરિશિષ્ટવાળી મિલ્કત તેના નીચેના માલીક શ્રી જયંતિભાઇ નાનજીભાઇ સોજીત્રા પાસેથી ખરીદ કરવા સમજુતી કરવા માંગે છે. સદરહુ મિલ્કત કે દસ્તાવેજ પરત્વે કોઇ વ્યક્તિ, સંસ્થા કે કોઇપણનો વારસાઇ હક્ક, વેચાણ, સાટાખત - કરાર, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક - હિત હોય બોજો, ચાર્જ, લીયન, ભરણ પોષણ કે અન્ય કોઇ હક્ક હોય કે સદરહુ જમીન માટેના કબજા બાબતે કોઇને વાદ-વિવાદ, કોર્ટ કેસ હોય કે મિલ્કત પરત્વે કોઇ કરાર - લખાણ કે અન્ય કોઇ પ્રકારનો હક્ક - વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ માં નીચેના સરનામે લેખીતમાં જાણ કરવી. સદરહુ મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર કે હક્ક, હિત, હિસ્સો નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે અને ટાઇટલ કલીયર છે તેમ માની મારા અસીલ સદરહુ મિલ્કત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી શુધ્ધબુધ્ધિથી ખરીદ કરશે. ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહી જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૧૭-૧-૨૦૨૫

-:: પરિશિષ્ટ ::-

ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાનાં વડીયા-કુંકાવાવ તાલુકાના મોજે જીથુડી ગામના ખેડ ખાતા નં.૪૨૦, રે.સ.નં.૩૫ પૈકી ૨, હે.૧-૧૩-૪૧ આરે.ચો.મી.વાળી ખેતીની જમીન

બી.કે.તળાવિયા - એડવોકેટ - ૯૦૧૬૭ ૭૮૮૨૧
હરેશ વિ.કોટડીયા - એડવોકેટ - ૯૮૭૯૮ ૫૧૩૫૨
અવધ કોમ્પ્યુટર એન્ડ ઝેરોક્ષ કુંકાવાવ મોટી, દુકાન નં.૧૪,
પટેલવાડી શોપીંગ સેન્ટર, પોસ્ટ ઓફીસ સામે - ૩૬૫૪૫૦

### बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભાવનગર ક્ષેત્રીય કાર્યાલય : દેના ભવન, લોખંડ બજાર, ખારગેટ, ભાવનગર- ૩૬૪ ૦૦૧. ઈ-મેઈલ : recovery.bhavnagar@bankofbaroda.com

**જપ્ત કરાયેલ વાહનની હરાજી**

બેંક ઓફ બરોડા, રાજુલા મુખ્ય શાખા, ભાવનગર દ્વારા સુરક્ષિત દેવાની વસુલાત માટે નીચે દર્શાવેલ વાહનો અંગે ''જેમ છે ત્યાં છે'' ''જેમ છે તેમ'' અને ''કશા આશ્રય વિના'' ના ધોરણે આ વેચાણ ઈ-હરાજી પ્લેટફોર્મ વેબસાઈટ https://bob.auctiontiger.net ના માધ્યમથી નીચે દર્શાવેલ સહી કરનાર દ્વારા કરવામાં આવશે.

**હરાજીની તારીખ : ૦૩.૦૨.૨૦૨૫, હરાજીનો સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે**
**વાહનો નિરીક્ષણ અંગેની તારીખ : ૨૪.૦૧.૨૦૨૫ અને સમય : સવારે ૧૧.૦૦ થી સાંજેના ૪.૦૦ કલાકે**

| ક્રમ | શાખા | ઉધારકર્તાનું નામ | વાહનની વિગત | લેણી રકમ રૂા. માં | રીઝર્વ પ્રાઈઝ / બાનાની રકમ / બીડ વધારાની રકમ | બાનાની રકમ ભરવાના ખાતા નં. | IFSC CODE | સંપર્ક કરનાર વ્યક્તિ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજુલા મુખ્ય શાખા : શિવશક્તિ કોમ્પલેક્ષ, જાફરાબાદ રોડ, રાજુલા, જી. અમરેલી - ૩૬૫ ૫૬૦ | શ્રી સંજય નાનજીભાઈ શીયાળ | Tata Tiago XZ Petrol Car મોડલ વર્ષ : ૨૦૨૪ રજી.તા. : ૩૦.૦૩.૨૦૨૪ રજી. નં. GJ-04-EJ-3026 | ૭,૯૮,૮૬૭ + તા. ૦૨.૦૧.૨૦૨૫ થી લાગુ વ્યાજ | રૂા. ૬,૨૫,૦૦૦ / રૂા. ૬૨,૫૦૦ / રૂા. ૧૦,૦૦૦ | ૩૪૪૫૦૬ / ૧૦૦૯ | BARB0 RAJULA | શ્રી પંકજ શર્મા મો. ૯૬૮૭૬ ૯૬૦૬૯ |

(૧) વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે માટે કૃપા કરીને **બેંક ઓફ બરોડા** સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે www.bankofbaroda.com/webast.htm માં આપેલી લિંકનો સંદર્ભ લો. (૨) હરાજી-કમ-વેચાણ https://bob.auctiontiger.net. ના અધિકૃત પોર્ટલ દ્વારા માત્ર ઈ-હરાજી મોડ દ્વારા હાથ ધરવામાં આવશે. (૩) ઈચ્છુક બિડર્સોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમની બિડ સબમિટ કરતા પહેલા ઈ-હરાજી વેચાણની કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા ઈ-હરાજી વેચાણ માટે વિગતવાર નિયમો અને શરતો માટે પોર્ટલ https://bob.auctiontiger.net પર જાઓ અને ઉપર જણાવ્યા મુજબ સંબંધિત વાહનો માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો.

તારીખ : ૧૭.૦૧.૨૦૨૫, સ્થળ : રાજુલા, ભાવનગર — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા


॥ શ્રી ગણેશાય નમઃ ॥
BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### -:: હૃદયની લાગણી ::-



વલ્કુભાઇ નાનાભાઇ વસરા તા.૧૬-૦૧-૨૦૨૫ - રાજુલા (નાગેશ્રી)

આપનો માયાળુ, દયાળુ, પ્રેમાળ અને પરોપકારી સ્વભાવ સદાય યાદ રહેશે...
પરમાત્માને પણ તમારા જેવા વ્યક્તિની જરૂરીયાત હશે...
અમારા હૃદયની લાગણી.

લી.

| | |
|---|---|
| ડો.જે.એમ.વાઘમશી | ડો.પી.પી.મુછડીયા |
| રાવતભાઇ ગોહિલ | ડો.જીતેશ પી.મુછડીયા |
| મનજીભાઇ ટાંક | બી.એચ.વાળા |
| ઉમેશભાઇ વાળા | ભુપતભાઇ જોષી |

..........રાજુલા..........
મુછડીયા સર્જીકલ હોસ્પિટલ - વાઘમશી હોસ્પિટલ


☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
વિન્ટર કલેક્શન
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુલી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
UF ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
M to 5XL સુધી બધુંજ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.


### -:: જાહેર નિવિદા ::-

લીલીયા તાલુકા હેલ્થ કચેરી તાબાના વિસ્તારમાં નોંધાયેલ સગર્ભા માતાને સગર્ભાવસ્થા દરમિયાન સોનોગ્રાફી તથા જરૂરીયાત તપાસ માટે સરકારશ્રી તરફથી જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ફ્રી ઓબસ્ટ્રેટીક ગાયનેક સેવાઓ મળી રહે અને માતા મરણ અને બાળ મરણ અટકાવવાના હેતુથી સગર્ભાવસ્થા અંતર્ગત સોનોગ્રાફી તપાસ જરૂરીયાત હોય જેથી અમરેલી તાલુકાના રસ ધરાવતા ખાનગી માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ રેડીયોલોજીસ્ટ તથા ગાયનેકોલોજીસ્ટશ્રીને તાલુકા હેલ્થ કચેરી લીલીયામાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં બંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી પોતાના ભાવ નીચે જણાવેલ સરનામા પર પોસ્ટથી પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહી.

રજીસ્ટર એ.ડી. મોકલવાનું સરનામું :-
તાલુકા હેલ્થ ઓફીસર,
જુની તાલુકા પંચાયત કચેરી, લીલીયા

સહી
તાલુકા હેલ્થ ઓફીસર લીલીયા

AVADH TIMES DAILY

સત્યમેવ જયતે

અવધ ટાઇમ્સ

તા.૧૮-૦૧-૨૦૨૫ શનિવાર

# ભારતીય ક્રિકેટરોના છબરડાઓને કારણે એના ચાહકોનો વિશાળ વર્ગ નિરાશ થયો

ભારતીય ક્રિકેટ ટીમનું પ્રદર્શન આજકાલ દરેક ઘરમાં ચર્ચા અને વિશ્લેષણનો વિષય છે. હાર પછી વારંવાર આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનો દોર શરૂ થાય છે. ખેલાડીઓ, અમ્પાયરો, ફિલ્ડ અને ક્યારેક તો ગરીબ કોચ અને મેનેજરને પણ ઘરે બેસીને ટીકા કરતા આવા લોકોનો સામનો કરવો પડે છે. આ ચર્ચાઓમાં નબળા પ્રદર્શન માટે એ જ લોકોના ઈરાદા, જુસ્સો અને ક્ષમતાઓ પર સવાલો ઉઠાવવામાં આવે છે જેમને થોડા અઠવાડિયા પહેલા મહાપુરુષો તરીકે વર્ણવવામાં આવ્યા હોય. જે વ્યક્તિ રમતના એક ફોર્મેટમાં મહાન કેપ્ટન હોય તે બીજા ફોર્મેટમાં આટલો નબળો કેપ્ટન કેવી રીતે હોઈ શકે? અથવા એક પ્રતિભાશાળી ખેલાડી, જે તેની દ્રઢતા અને એકાગ્રતા માટે જાણીતો છે, તે અચાનક કેવી રીતે વિપરીત દેખાવ કરવાનું શરૂ કરે છે? આ પ્રશ્નો કોઈપણ ભારતીય રમત વિશે પૂછો, માત્ર ક્રિકેટ જ નહીં, અને તમને સમાન વાર્તાઓ સાંભળવા મળશે. શા માટે મોટી સંખ્યામાં રાજકારણીઓ આપણી રમત-ગમત સંસ્થાઓ પર અંકુશ ધરાવે છે?

જો તમે આ બધા વિશે ખેલાડીઓને પૂછશો તો તેઓ નબળી સુવિધાઓ, અપૂરતી તાલીમ, સંસાધનોની અછત, પોષણનો અભાવ, નબળી વ્યવસ્થાપન પ્રણાલી, નોકરશાહી, સરકારી મદદ પર નિર્ભરતા જેવા ઘણા કારણો દર્શાવવાનું શરૂ કરશે. તેઓ સાચા હોઈ શકે છે, પરંતુ તે એક ઊંડા મૂળ ધરાવતી સંસ્થાકીય સમસ્યા તરફ નિર્દેશ કરે છે. જો આપણે તે બરાબર નહીં કરીએ તો એકાદ-બે વર્ષમાં આપણને એક-બે રમતમાં એક-બે સારા પરિણામ મળી શકે છે, પરંતુ સંગઠન સ્તરે સમસ્યાઓ તો રહેશે જ અને ખરાબ પ્રદર્શન અને સાતત્યનો અભાવ પણ ચાલુ રહેશે. સરકારે ઓક્ટોબર ૨૦૨૪માં નેશનલ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન બિલનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો. દેખીતી રીતે તે ખૂબ જ રસપ્રદ હતો કારણ કે ઘણી બાબતોમાં, તેનો હેતુ સંસ્થાકીય સ્તરે અનિયમિતતાઓને દૂર કરવાનો છે. એક સંપૂર્ણ પારદર્શક પ્રક્રિયા સ્થાપિત કરવાની પણ વાત કરવામાં આવી છે, જેની સ્પોર્ટ્સ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. એ સુંદર ભાષાબાજીના પરદા પાછળ સરકારની મધ્યકાલીન સામંતશાહી ઘુરકિયા કરે છે એ અલગ વાત છે.

સૂચિત બોર્ડનું દેશના તમામ રમતગમત સંગઠનો પર નિયંત્રણ હશે અને તેની પાસે રાષ્ટ્રીય, રાજ્ય સ્તર અથવા જિલ્લા સ્તરીય રમત સંગઠનોની માન્યતા સ્થગિત અથવા સમાપ્ત કરવાની સત્તા હશે એમ કહેવાય છે. ખરેખર તો આ પ્રકારનું નિયંત્રણ લાવીને સરકાર પોતાની ધાક વધારવા ચાહે છે જેનો દેશમાં ઘોર વિરોધ થયો છે. સોનાના ચમચાઓ અને રૂપેરી ચમચીઓએ સરકારી અંકુશ વધારવાની મૂર્ખતાપૂર્ણ તરફદારી કરી છે. જે દેશની રમત ગમત સંસ્થાઓ પર સરકારી અંકુશ હોય એને ઓલિમ્પિકમાં પ્રવેશ મળતો નથી આ વાત ભાજપના સત્તાશોખીનોએ જાણી લેવી જોઈએ. આજે પણ તે હકીકત દુર્ભાગ્યપૂર્ણ છે કે ઘણી રમત સંસ્થાઓ પર કેટલાક જૂથો દ્વારા નિયંત્રણ કરવામાં આવે છે, જેમાં લોબીઓ એકબીજા વિરુદ્ધ કામ કરે છે. ભ્રષ્ટાચાર અને ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો સામાન્ય છે. આવા ગેરવહીવટના પરિણામો માત્ર નબળા પ્રદર્શનના રૂપમાં જ નહીં પરંતુ ડ્રગના દુરુપયોગ અને જાતીય ગેરવર્તણૂકના સ્વરૂપમાં પણ દેખાય છે. ઓલિમ્પિક રમતના સ્તરે પણ ખેલાડીઓને ખોરાક, ઊંઘ અને આરામના અભાવ સાથે સંઘર્ષ કરવો પડે છે. ઘણી વખત તેમને મહત્ત્વની સ્પર્ધાઓની તૈયારી કરવા માટે પૂરતો સમય પણ મળતો નથી.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે શતરંજ, હોકી અને શૂટિંગ સહિત ઘણી રમતોમાં સારી પ્રગતિ કરી છે. આ રમતોમાં, આપણી પાસે એવી પ્રતિભાઓ છે જે વિશ્વ સ્તરે સ્પર્ધા કરી શકે છે અને ભારતને પણ વિશ્વભરમાં પ્રખ્યાત બનાવે છે. ત્રણેય રમતોમાં પૈસાની ઉપલબ્ધતાએ મહત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ બીજી મોટી સમાનતા છે. ત્રણમાંથી એકમાં કોચ, બીજામાં ભૂતપૂર્વ ખેલાડી અને ત્રીજામાં રાજકારણીએ સફળતા હાંસલ કરવામાં મદદ કરી. પરંતુ ત્રણેયમાં નિષ્ફળતા પણ છે કારણ કે સફળતા સિસ્ટમના કારણે નહીં પણ વ્યક્તિના કારણે મળે છે. એ જ રીતે એથ્લેટિક્સ, કુસ્તી અને બેડમિંટનમાં પણ ભારતનો વિજયંત દબદબો છે. એકવાર યોગ્ય મોડેલ મળી જાય તે જરૂરી છે. સફળતાના ઘણા રસ્તાઓ છે અને દેશમાં રમતગમતને સંચાલિત કરવા માટેના મોડેલને ઓળખવું મહત્વપૂર્ણ છે. હકીકતે દેશની કોઈપણ રમત સંસ્થા ત્યારે સફળ બને છે જ્યારે કોઈ તેને ટોચ પર લઈ જવાની જવાબદારી લે છે. આવા લોકો જ પોતપોતાના પ્રયત્નો કરે છે અને વિવિધ જગ્યાએથી સંસાધનો એકત્ર કરવામાં સફળ થાય છે અને ખેલાડીઓને ખીલવા માટે યોગ્ય વાતાવરણ ઉભું કરે છે. સમસ્યા એ છે કે સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન બોર્ડનો ડ્રાફ્ટ મોટાભાગે પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આ પ્રતિબિંબિત કરે છે કે આપણે ભારતમાં રમતોનું સંચાલન કેવી રીતે કરીએ છીએ. નેશનલ સ્પોર્ટ્સ કોડનું ઉદાહરણ લો. વહીવટી નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં, ચૂંટણી થઈ રહી છે કે નહીં, રમતગમત સાથે સંકળાયેલા લોકોને યોગ્ય રીતે બદલવામાં આવે છે કે નહીં તેના પર અહીં ભાર મૂકવામાં આવે છે. પરંતુ આમાં જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી તે ખેલાડીઓની સાથે સ્પોર્ટ્સ ઓપરેટરોને પુરસ્કાર અને પ્રોત્સાહિત કરવાની રીત છે. સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટર્સ તેમની પોસ્ટ્સ પર ચાલુ રહે છે કે કેમ તે ફક્ત તેમના કાર્યકાળ દરમિયાન ખેલાડીઓએ કેવું પ્રદર્શન કર્યું તેના પર જ નહીં પરંતુ તેઓ તેમની રમતના રાજકારણને કેવી રીતે હેન્ડલ કરે છે તેના પર પણ આધાર રાખે છે. આ બધી બાબતો છેવટની ઉપલબ્ધિઓ પર ગંભીર પ્રભાવ પાડે છે.

આમાંના ઘણા સંચાલકોની જગ્યાઓ સ્વૈચ્છિક છે. તેમને પગાર મળતો નથી કે બહુ ઓછો પગાર મળે છે. પરંતુ તેમની પાસે એટલી શક્તિ છે કે તેઓ સંસાધનોની ફાળવણીમાં દખલ કરી શકે છે અને ખેલાડીઓની કારકિર્દીને પ્રભાવિત કરી શકે છે. જો હોદ્દો હોય, સત્તા હોય પણ પૂરતો પગાર ન હોય તો કોઈ વ્યાવસાયિક વ્યક્તિ ત્યાં નહીં જાય. માત્ર મજબૂત સંપર્કો ધરાવતા લોકો અથવા રાજકારણીઓ, જેમને આનાથી સંબંધિત અન્ય રુચિઓ છે, તેઓ આ હોદ્દા પર કબજો કરશે. બીજા શબ્દોમાં કહીએ તો, ગવર્નન્સ અને મેનેજમેન્ટ એકબીજા સાથે જોડાયેલા છે અને આ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટરોને મળતું મહેનતાણું રમતોની સફળતા સાથે જોડાયેલું નથી. ક્યારેક કોઈ મોટું વ્યક્તિત્વ પણ આવા હોદ્દા પર પહોંચી જાય છે. તેમના કાર્યકાળ દરમિયાન સુધારા પણ થયા છે. પરંતુ તેમના કાર્યકાળના અંત સાથે, સુધારાઓ પણ સમાપ્ત થાય છે.

# પ્રતાપગઢ, ભીંગરાડ અને દામનગર રોડ પર જર્જરીત નાળા પુલીયા બનાવવા રૂા. ૫૦ લાખ મંજુર કરાવતા શ્રી તળાવીયા

## ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયાએ કરેલી રજુઆતને કારણે મંજુરી અપાઇ



અમરેલી,લાઠી પંથકમાં વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલા નાળા અને પુલીયાને નવું જીવન મળવા જઈ રહ્યું છે. લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના પ્રયાસોથી સરકાર પાસેથી ૫૦.લાખની ગ્રાન્ટ મંજૂર થઈ છે. આ ફંડથી લાઠીના ભીંગરાડ .છભાડીયા દામનગર અને વિસ્તારોમાં રોડ પરના જર્જરિત પથ્થરના નાળા અને પુલીયાને આરસીસીના બનાવવામાં આવશે. લાઠી પંથકમાં આવેલા આ નાળા અને પુલીયા વર્ષોથી જર્જરિત હતા, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ આ સમસ્યાને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. તેમના પ્રયાસો સફળ રહ્યા સરકારે ૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી છે. આ ગ્રાન્ટ મળવાથી લાઠી પંથકના લોકોમાં ખુશીનો માહોલ છે. વર્ષોથી જર્જરિત નાળા અને પુલીયા નવા બનવાથી લોકોને રાહત થશે અને તેમનું જીવન સરળ બનશે. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ આ વિકાસ કાર્ય માટે સરકારનો આભાર માન્યો છે અને આ વિસ્તારના લોકોને શુભકામનાઓ પાઠવી છે.

## ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૧૮.૧.૨૦૨૫ , શનિવાર ,સંવંત ૨૦૮૧, પોષ વદ પાંચમ , પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ, આજે રાત્રે ૯.૨૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (૫ ,ઠ ,ણ) રહેશે.

## હેકિંગને એક રણનીતિ તરીકે ઘણા દેશ આગળ વધી રહ્યા છે

અગાઉ અત્રે લખ્યા મુજબ શેરબજાર હજુ પણ જોલા ખાય છે તો વધુ હાઈ પ્રોફાઈલ ડાઈવોર્સ કેઈસીસ સામે આવી રહ્યા છે જયારે મીનનો રાહુ અનેક દિગ્ગજોને હાંસિયામાં ધકેલતો જાય છે જયારે કુંભના શનિ મહારાજ ધાર્મિક વિવાદો પણ વધારી રહ્યા છે તો આગ્રાના ટ્રાન્સપોર્ટ નગરમાં મોટો વિસ્ફોટ થવા પામ્યો છે અને અનેક અકસ્માતના સમાચાર પણ સામે આવી રહ્યા છે જયારે મંગળ વક્રી ચાલે મિથુન તરફ જઈ રહ્યા છે અને સાયબર અપરાધીઓ બેખોફ થઈ રહ્યા છે તો બીજી તરફ હેકિંગને એક રણનીતિ તરીકે ઘણા દેશ આગળ વધી રહ્યા છે વળી આ બધા વચ્ચે અગાઉ લખ્યા મુજબ કમ્યુનિકેશન ક્ષેત્ર બિલ ગેટ્સનું વિન્ડો ફોન ફાઈલ થયાનું



બયાન પણ ખુબ મહત્વ ધરાવે છે અને આગામી સમયમાં કમ્યુનિકેશન ક્યાં રસ્તે આગળ વધી રહ્યું છે તે રેખા સ્પષ્ટ કરે છે. અત્રે લખ્યા મુજબ પાકિસ્તાની પૂર્વ પ્રધાનમંત્રી અને પૂર્વ ક્રિકેટર શનિની મહાદશામાં પહોંચવા સાથે જ વધુ એક મામલામાં ૧૪ વર્ષની જેલની સજા થવા પામી છે જે જ્યોતિષના અભ્યાસુ મિત્રો માટે ખાસ લખું છું કે શનિના ઘરનો રાહુ ધરાવતા ઈમરાનખાનને શનિની મહા દશા શરુ થવા સાથે જ એક પછી એક ફટકા પડવાનું શરુ થયું છે અને તેમની કારકિર્દી પર પ્રશ્નાર્થચિન્હ લાગી ગયું છે કેમ કે કોઈ પણ વ્યક્તિના જીવનનો સમય દશા અંતર્દશા પર વિશેષ આધારિત રહે છે તે અત્રે ફલિત થાય છે.

મેષ (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે,બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.

વૃષભ (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.

મિથુન (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.

કર્ક (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો.

સિંહ (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.

કન્યા (પ ,ઠ ,ણ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવા વિચારોથી લાભ થાય ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે,નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

વૃશ્ચિક (ન ,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે ,પરિવાર સાથે આનંદ માણી શકો.

ધન (ધ,ભ,ફ,ઢ ):વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

મકર (ખ,જ) : ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.

કુંભ (ગ ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય ,મિશ્ર અનુભવ આપતો દિવસ,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

મીન (દ,ચ,ઝ,થ): પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,સુંદર દિવસ.

# અમરેલીમાં નાના બસસ્ટેન્ડ પાસે ટ્રાફિકને અડચણરૂપ ઈકો ચાલક સામે ગુનો નોંધાયો

## અડચણ થાય તે રીતે કાર રખાતા પોલીસે કરેલી કાર્યવાહી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) અમરેલી નાના બસસ્ટેન્ડ પાસે બગસરાના અલ્તાફ રફીકભાઈ કાળવાતર પોતાની ઈકો કાર જી.જે. ૧૩ એ.એચ.૪૪૪૧ જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખતા પો.કોન્સ. ચિંતનકુમાર મારૂએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## પરાણે યુવતી સાથે વાત કરવા દબાણ કર્યાની સાથે

# રાજુલામાં યુવતી સાથે ફોનમાં વાત કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપી

## રાજપરડા ગામના શખ્સે ગુનાહિત બળ વાપરી હેરાન પરેશાન કરી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) રાજુલામાં રહેતી યુવતિને રાજુલા તાલુકાના રાપરડા ગામના જયદિપ પ્રવિણભાઈ લાડુમોર સાથે પ્રથમ પ્રેમસબંધ હોય.અને ફોનમાં ચોરી છુપીથી વાતચીત કરતા હોય.અને જયદિપ યુવતિ સાથે લગ્ન કરવા માંગતો હોય.અને યુવતિ તથા તેના પરીવારજનો રાજી ન હોય. છતા આરોપી પરાણે યુવતિ સાથે વાતચીત કરવાનું દબાણ કરતો હોય.અને યુવતિ સાથે ફોનમાં વાત કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપી રાજુલામાં યુવતિના ઘર નજીક આટાફેરા મારી પીછો કરી યુવતિ ઘરેથી ગામમાં જાય ત્યારે પીછો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી યુવતિની સગાઈ જે જગ્યાએ થવાની હોય.તેનું ધ્યાન રાખી સગાઈ તોડાવી નાખી સમાજમાં યુવતિની બદનામી કરી આબરૂ લેવાના ઈરાદે ગુનાહિત બળ વાપરી હેરાન પરેશાન કરી બે ત્રણ ધોલ થપાટ મારી મુંઢ ઈજા કરી યુવતિ અને તેના પરીવારજનોને ધમકી આપી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના કાતરપરામાં અમરેલી એલસીબીની ટીમે ત્રાટકી દેશી દારૂની ભઠી પર દરોડો પાડયો

## દેશી દારૂ, આથો, વોશ અને સાધનો મળી રૂા.૧૧,૯૭૦ નો મુદામાલ કબ્જે

અમરેલી, અમરેલી એલસીબીના હે.કોન્સ..સુરેશભાઈ મેરે ખાંભા તાલુકાના કાતરપરા ગામે બાવકુ ખોડુભાઈ વહરા પોતાની વાડી ખેતરની બાજુમાં આવેલ વોકળામાં દેશી દારૂની ભઠી ચલાવતો હોય.જે ચોકકસ બાતમી આધારે રેઈડ કરતા દેશી દારૂ ૨૦લીટર રૂા.૪૦૨૦, આથો ૨૦૦ લીટર રૂા. ૫૦૦૦ ,બળેલ વોશ લીટર ૫ ભઠીના જુદા જુદા સાધનો મળી કુલ રૂા.૧૧,૯૭૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.જયારે આરોપી રેઈડ દરમ્યાન હાજર મળી આવેલ ન હતો.

## ખાંભાના ખડાધારમાં બાઈક ચોરાયું

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ખાંભા તાલુકાના ખડાધાર ગામે રહેતા વલકુભાઈ નારણભાઈ ચૌહાણ ઉ.વ.૪૨ તા.૧૪-૧ ના ખાંભા શુક્રવારી બજારમાં પોતનું સ્પ્લેન્ડર પ્લસ જી.જે.૧૧ એ.એચ. ૯૫૮૫ રૂા.૧૫,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી ગયાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વાશીયાળીનાં કોળી સમાજની બેઠક મળી

## બેઠકમાં સમાજ માટે મહત્વનાં નિર્ણયો કરાયાં



અમરેલી,માંધાતા પ્રાગટ્ય દિવસે સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ઈશ્વરીયા હનુમાન ખાતે સમસ્ત કોળી સમાજની મિટિંગ મળી હતી જેમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. કોળી સમાજ સામાજિક રીતે અને શૈક્ષણિક રીતે આગળ આવે , સમાજનું સંગઠન મજબુત બને, તેવા ઉમદા હેતુ થી મિટિંગ મળી હતી. સમાજે દર ૧૫ દિવસે અલગ અલગ ગામમાં જ્યાં કોળી સમાજની વસ્તી છે ત્યાં જઈ મિટિંગ બોલાવવી અને સમાજને જાગૃત કરવો આ બધા નિર્ણયો આજે આ મિટિંગ માં લેવામાં આવ્યા છે. સમાજના અલગ અલગ ગામના આગેવાનો એ પોતાના મંતવ્યો અને સલાહ સુચનો તેમજ વિવિધ માર્ગદર્શન આપ્યું હતું. આ મિટિંગમાં ઉપસ્થિત આગેવાન માં સાવરકુંડલા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા પંચાયત સદસ્ય મુકેશભાઈ ખસીયા, વંડા થી લાલજીભાઈ જાદવ સમાજ અગ્રણી, મોટાઝિંઝુડા ગામના સરપંચ પંકજ ઉનાવા, વિરડીથી છગનભાઈ મકવાણા, ફિફાદ થી શંભુભાઈ મકવાણા, ધોબા થી ગોરધનભાઈ ડાભી, હિપાવડલી થી લાભુભાઈ બાવળીયા, શેલણા થી લાભુભાઈ સોલંકી, વંડાથી કે પી મકવાણા, વાશિયાળી થી ભરતભાઈ વાઘેલા બધા આગેવાનો આ મિટિંગમાં હાજરી આપી હતી.

# બગસરા પાલિકા વેરા વધારે છે પણ સફાઇનાં નામે શુન્ય




બગસરા, (સમીર વિરાણી)બગસરા પાલિકા દ્વારા નવી નીતિ બહાર પાડવામાં આવી જો પાલિકાના કોઈપણ વિસ્તારમાં ગટર ઉભરાતી હોય તો સફાઈ કરવાનો સમય ફક્ત સવારના સાતથી બે દરમિયાન જ આવી રીતે પોતાની મનમાની કરતા પાલિકા સત્તાધીશોની ઘોર બેદરકારી સામે આવી છે. જ્યારે શહેરના નાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં છેલ્લા બે દિવસ થયા ગટર ઉભરાઈને અતિ દુર્ગંધ મારતા પાણી રોડ ઉપર ફરી લોકોને તેમજ વેપારીઓને પોતાની દુકાનોમાં બેસવું પણ માથાના દુખાવા સમાન બની ગયું છે. જ્યારે આ દુર્ગંધ યુક્ત પાણી લોકોને એટલી હદે નડતરરૂપ થઈ રહ્યું છે કે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે.ત્યારે લોકો દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં પાલિકાના સત્તાધીશો દ્વારા આ ભૂગર્ભ ગટરની સફાઈ ન થતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા પાલિકાના ફાયર સ્ટેશનની મુલાકાત લઈ ભૂગર્ભ ગટર વિભાગને જાણ કરી તો ત્યાં બોર્ડ મારેલું જોવા મળ્યું કે ભૂગર્ભ ગટરની સફાઈનો સમય સવારે સાતથી બે દરમિયાન જ છે. તો કાલે સફાઈ થશે તેવા બહાના કરીને બે દિવસ વીતી ગયા છતાં સફાઈ કર્મીઓ દ્વારા ભૂગર્ભ ગટરની સફાઈ કરવામાં આવેલ ન હોવાથી વેપારીઓમાં પણ રોસ જોવા મળી રહ્યો છે.

## સુડોકુ નં. ૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 7 | | 9 | 8 | | |
| 6 | | | 2 | 4 | 1 | | | 9 |
| | | | 5 | 3 | | 6 | 4 | |
| 7 | | | | | | | | 1 |
| | 6 | | | | | | 7 | |
| 2 | | | | | | | | 5 |
| | | 7 | 1 | | 5 | 9 | | |
| 5 | | | 8 | 2 | 7 | | | 3 |
| | | 8 | 4 | | 3 | 5 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૫ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 7 | 9 | 8 | 3 | 2 | 4 | 1 |
| 1 | 3 | 2 | 6 | 7 | 4 | 8 | 5 | 9 |
| 9 | 8 | 4 | 1 | 5 | 2 | 6 | 7 | 3 |
| 4 | 2 | 6 | 5 | 1 | 9 | 3 | 8 | 7 |
| 3 | 7 | 8 | 2 | 4 | 6 | 1 | 9 | 5 |
| 5 | 9 | 1 | 8 | 3 | 7 | 4 | 2 | 6 |
| 7 | 6 | 9 | 4 | 2 | 1 | 5 | 3 | 8 |
| 8 | 4 | 3 | 7 | 6 | 5 | 9 | 1 | 2 |
| 2 | 1 | 5 | 3 | 9 | 8 | 7 | 6 | 4 |

# ખાંભામાં ૭ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપાયો

## પોલીસે ઈંગ્લીશ દારૂ,મોબાઈલ મળી રૂા.૧૫,૬૨૩ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ખાંભામાં સંજય જીતુભાઈ સોલંકીને પો.કોન્સ.ભાવેશભાઈ બુંધેલાએ જુદી જુદી બ્રાન્ડની સાત બોટલ ઈંગ્લીશ દારૂ તેમજ એક મોબાઈલ મળી કુલ રૂા.૧૫,૬૨૩ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.જયારે રેઈડ દરમ્યાન ભાવેશ બાંભણીયા રહે. નવા બંદર જી.ગીર સોમનાથ હાજર મળી આવેલ ન હતો.

# જુનાગઢમાં એ ડિવિઝન પોલીસ મથકનાં પીઆઇ શ્રી પટેલની બદલી થતા વિદાયમાન

## કામગીરી બિરદાવી ભવ્યાતિ ભવ્ય વિદાય સાથે સન્માન

જુનાગઢ, જુનાગઢ પોલિસ મહાનિરિક્ષક શ્રીનિલેશ જાજડીયા તથા ઈન્ચાર્જ પોલિસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા,ના.પો.અધિ.શ્રી હિતેશ ધાંધલીયાએ પોલિસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓનું મનોબળ અને એકતા જળવાય રહે તેમજ સમયાંતરે અધિકારી કે કર્મચારીઓની બઢતી તથા બદલી પ્રસંગે માનભેર વિદાય કરવામાં આવે તેવી ઉત્કૃષ્ટ કામગીરી કરવાની પ્રેરણા મળે પોલિસ અધિક્ષકના હુકમથી એ ડિવિઝન પોલિસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા સેકન્ડ પોલિસ ઈન્સ્પેકટર એમ.સી.પટેલની માળીયા હાટીના પોલિસ સ્ટેશન ખાતે બદલી થતા તા.૧૩-૧-૨૫ ના બદલીવાળી જગ્યાએ છુટા કરવામાં આવેલ.અને આ પ્રસંગે જીલ્લાના એલ. સી. બી. એસ. ઓ. જી. શહેર પોલિસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે એ ડિવિઝન પોલિસ સ્ટેશન ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ.અને આ પ્રસંગે સ્વરૂચિભોજન સમારંભમાં તમામ અધિકારી અને કર્મચારીઓએ સમુહમાં ભોજન કરી એક સુત્રતા અને એકતા જળવાય રહે તે અંગે સરાહનીય કાર્યક્રમ યોજાયો હતો.

# શ્રી માયાભાઇ આહિરને સાહિત્ય વિભુષણની પદવી અપાઇ

## અખાડા પરિષદ દ્વારા પદવી આપી સાલ ઓઢાડી સન્માન કરાયું



અમરેલી,લોકસાહિત્યકાર માયાભાઈ આહીર ને મેળામાં અખાડા પરિષદ દ્વારા સાહિત્ય વિભૂષણ ની પદવી આપવામાં આવી હતી. સાહિત્ય વિભૂષણ ની પદવી મળતા સંતો, મહંતો, મહામંડલેશ્વરો ના વરદ હસ્તે માયાભાઈ આહીર ને ફુલહાર, શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ તકે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર ના ચાહકો કૃષ્ણગીરી ગોસ્વામી કાનાભાઈ લીંબડી, જનકગીરી ધારી, અતુલભાઈ જાની નિવૃત ફૌજી સાવરકુંડલા, ભાવેશભાઈ ભુવા ઠવી, હાજુભાઈ મોરી ભોકરવા, અમરેલી જીલ્લા હોમગાર્ડ પબ્લિક રીલેશન ઓફિસર અમીતગીરી ગોસ્વામી વગેરે સેવાભાવી અને લોકસાહિત્ય પ્રેમીઓએ માયાભાઈ આહીર સાહિત્ય વિભૂષણ ની પદવી મળતા ખુશી વ્યક્ત કરી હતી.

## અમરેલી જિલ્લા ભાજપની સુચનાથી

# રાજુલાનાં માર્કેટીંગયાર્ડમાં સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત બેઠક મળી

## સંવિધાન ગૌરવ અભિયાન બેઠકમાં કાર્યકરો દ્વારા સંવાદ : માર્ગદર્શન અપાયું



અમરેલી, સવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત રાજુલા માર્કેટિંગ યાર્ડમાં શહેર અને તાલુકાની સંયુક્ત બેઠક યોજાઈ હતી જેમાં જિલ્લા ભાજપની સૂચના મુજબ કાર્યકર્તા જોડે શ્રી રવુભાઈ ખુમાણે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું.

# કુંડલામાં શ્રી મહેશ કસવાળાની ઉપસ્થિતીમાં રમતોત્સવ યોજાયો

## એમ. એલ. શેઠ ઇંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે રમતોત્સવનું આયોજન



સાવરકુંડલા, (સૌરભ દોશી) સાવરકુંડલા નગરપાલિકા સંયોજક મિત્રો દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસના અનુસંધાને એમ.એલ.શેઠ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે સ્વામી વિવેકાનંદ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ રસ્સાખેંચ, લીંબુ ચમચી, સંગીત ખુરશી જેવી વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને રમત અને સ્વાસ્થ્ય પ્રત્યે પ્રોત્સાહિત કરવા અને વિકસિત ભારત માટેના વિચારો વિશે અવગત કરવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોની ચાર ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી, , સ્કૂલના કેમ્પસ ડાયરેક્ટર સંદીપકુમાર ખડદિયા, અંગ્રેજી માધ્યમ પ્રાયમરી ડિપાર્ટમેન્ટ ના પ્રિન્સિપાલ રિદ્ધિબેન સોમૈયા, શહેર યુવા ભાજપના મંત્રી શ્રી ભાવેશભાઈ વિકમા, શ્રી નીરજભાઈ ત્રિવેદી, શ્રી ગીરીશભાઈ નાંદોલીયા, શ્રી લક્ષિતભાઈ મહેતા, તેમજ સ્કૂલના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓના ઉત્સાહભર્યા પ્રદર્શન અને ચુસ્ત આયોજનને કારણે કાર્યક્રમ સફળ રહ્યો. સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા, અને બધાએ આ પ્રકારના કાર્યક્રમો દ્વારા મનોરંજન સાથે સંસ્કાર તેમજ રમતગમતના મહત્વની અનુભૂતિ કરાવી હતી.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૦૦ થી ૧૫૦૬ મગફળી ૮૧૦ થી ૧૨૧૧

**અમરેલી માર્કેટ યાર્ડ**

શિંગમઠડી-૮૬૦-૧૧૩૮
શિંગમોટી-૮૧૦-૧૨૧૧
શીંગફાડા-૯૩૦-૧૨૭૦
તલસફેદ-૧૦૨૫-૨૩૬૬
તલકાળા-૩૩૪૦-૪૨૦૦
જુવાર-૪૩૦-૮૧૬
ઘઉંટુકડા-૫૮૨-૬૬૬
ઘઉંલોકવન-૫૮૩-૬૫૫
ચણા-૧૦૧૫-૧૨૧૬
કપાસ-૧૦૦૦-૧૫૦૬
ધાણા-૧૨૩૦-૧૩૪૫
સોયાબીન-૬૦૦-૮૩૦
અડદ-૧૩૦૦-૧૩૫૫
એરંડા-૧૧૫૬-૧૨૦૬
મરચાલાંબા-૩૭૦-૨૭૧૦
જીરૂ-૩૨૦૦-૪૪૭૦

**અમરેલી માર્કેટયાર્ડ**

બટેટા-૩૦૦-૫૨૦
રીંગણા-૪૦૦-૫૦૦
કોબીઝ-૧૪૦-૨૮૦
ટમેટાં-૧૦૦-૨૬૦
સુરણ-૧૦૫૦-૧૧૫૦
ફોદીનો-૫૫૦-૭૦૦
ગાજર-૩૮૦-૫૪૦
ગલકા-૩૦૦-૫૪૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૬૦૦-૧૨૦૦
દુધી-૧૬૦-૩૦૦
તુરીયા-૮૦૦-૧૨૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૭૦૦-૮૪૦
કોથમીર-૪૦૦-૫૨૦
મેથીભાજી-૨૨૦-૩૦૦
ટીંડોરા-૫૦૦-૫૫૦
લીમડોમીઠો-૩૧૦-૩૪૦
મરચાલીલા-૪૦૦-૭૦૦
મુળા-૧૫૦-૨૬૦
લીંબુ-૯૦૦-૧૦૦૦
પાલક-૨૦૦-૩૦૦

**રાજુલાયાર્ડ**

બાજરો-૫૨૬-૫૮૨
સોયાબીન-૭૫૦-૭૫૧
ઘઉં-૫૭૦-૬૯૧
જુવાર-૫૫૨-૮૫૧
કપાસ-૧૩૫૦-૧૫૦૬
તલસફેદ-૧૪૦૦-૨૦૦૦
અડદ-૮૦૦-૧૩૮૦
મગ-૧૭૦૧-૧૭૦૧
શીંગ-૮૫૦-૧૧૨૧
ચણા-૭૦૦-૧૧૫૫

**મહુવાયાર્ડ**

ઘઉં-૬૪૪-૭૧૩
ડુંગળીલાલ-૧૫૧-૪૯૧
તલસફેદ-૧૮૦૦-૨૨૫૦
અડદ-૭૭૭-૧૫૦૧
સોયાબીન-૭૫૧-૮૧૫
ચણા-૧૧૦૦-૧૧૦૦
ડુંગળીસફેદ-૨૫૪-૫૦૦
શીંગ-૯૪૦-૧૧૨૫
બાજરી-૪૭૮-૬૬૫
જુવાર-૪૬૦-૯૨૦
નાળીયેર-૮૮૨-૨૩૨૨

**બાબરા યાર્ડ**

કપાસ-૧૪૪૨-૧૫૨૮
ઘઉં-૫૦૩-૬૮૭
મગફળી-૧૦૭૫-૧૧૩૫
સોયાબીન-૭૬૨-૭૭૮
ચણા-૧૦૩૦-૧૧૯૦
તલસફેદ-
કપાસમીડીયમ-૧૨૨૪-૧૩૬૬
ઘઉં-૫૦૩-૬૮૭

**ધારી માર્કેટયાર્ડ**

કપાસ-૧૦૪૫-૧૫૦૨
ધાણા-૯૭૬-૧૦૧૦
મગફળી-૭૦૧-૧૦૫૨
સોયાબીન-૬૪૦-૭૯૬
તલકાળા-૧૬૦૦-૨૦૦૦
તુવેર-૧૪૬૧-૧૪૯૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**

શીંગજીણી-૯૨૦-૧૦૬૦
શીંગમોટી-૧૦૨૧-૧૧૫૧
તુવેર-૧૩૮૮-૧૫૨૨
તલસફેદ-૨૦૦૦-૨૩૦૦
કપાસ-૧૩૨૫-૧૪૭૬
ઘઉંલોકવન-૫૭૦-૬૪૩
જીરૂ-૪૧૦૦-૪૨૫૧
ઘઉંટુકડા-૬૦૦-૬૬૦
ચણા-૧૦૦૦
સોયાબીન-૭૨૧-૭૯૭
એરડી-૧૧૦૦-૧૨૦૦

**ખાંભા માર્કેટયાર્ડ**

કપાસ-૧૩૨૬-૧૪૮૬
મગફળી-૯૭૫-૧૧૦૬

**લીલીયા માર્કેટ યાર્ડ**

કપાસ-૧૩૨૦-૧૪૭૫

**બગસરા માર્કેટયાર્ડ**

કપાસ-૧૨૫૦-૧૫૦૦
બાજરો-૫૬૦-૫૬૦
મગફળી-૭૦૨-૮૮૦
શીંગદાણા-૧૧૦૫-૧૧૪૫
સોયાબીન-૫૦૦-૭૯૨
ઘઉં-૫૬૨-૬૨૫
ચણા-૧૧૨૦-૧૧૬૦
તલસફેદ-૧૬૫૦-૧૯૬૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**

ચીકુ-૮૦૦-૧૧૦૦
દાડમ-૧૭૦૦-૨૫૦૦
મુસંબી-૫૦૦-૧૪૦૦
અંગુર-૧૫૦૦-૩૦૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૩૦૦
અનાનસ-૮૦૦-૧૧૦૦
જામફળ-૬૦૦-૯૦૦
કેળા-૩૪૦-૪૪૦
પોપૈયા-૩૦૦-૬૦૦
બોર-૫૦૦-૧૧૦૦
સફરજન કાશ્મીર-૧૯૦૦-૩૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૭.૨
ન્યુનતમ તાપમાન -૧૩.૮
ભેજનું પ્રમાણ -૬૬
પવનની ગતિ સરેરાશ -૧૦.૩

## કડુકા સમહ લગ્ન સમિતિ દ્વારા મુડવાના ઠાકરની જગ્યામાં ભરવાડ સમાજનાં સમુહલગ્નોત્સવ સંપન્ન

# આંબરડીમાં નવદંપતિઓને આશિર્વાદ પાઠવતા શ્રી રૂપાલા

**જસદણ તાલુકાનાં આંબરડી ગામ ખાતે ૧૪માં સમુહ લગનોત્સવમાં ૭૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા**

**પ્રભુતામાં પગલા માંડતી દિકરીઓને દાતાઓ દ્વારા ઉદાર હાથે કરીયાવર**

**સમસ્ત ભરવાડ સમાજના સમુહલગ્નોત્સવમાં પુર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી અને સાંસદશ્રી પરશોતમ રૂપાલાની ઉપસ્થિતિ**











અમરેલી,શ્રી કડુકા સમુહલગ્ન સમિતી દ્વારામુડવાનાઠાકરનીજગ્યામાંજસદણ તાલુકાનાં આંબરડી ગામે સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતીમાં ભરવાડ સમાજનો ભવ્યાતિ ભવ્ય સમુહલગ્નોત્સવ યોજાયો હતો.

શ્રીકડુકાસમુહલગ્નસમિતિ દ્વારા મુડવાના ઠાકરની જગ્યા આંબરડી ખાતે ૧૪મો સમુહ લગ્નોત્સવ ભરવાડ સમાજદ્વારાયોજાયોહતો. જેમાં ૭૩ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા હતા.

તા.૧૬ નારોજ મંડપરોપણ, તા.૧૭ ના રોજ જાન આગમન,ભોજન સમારંભ અને જાનવિદાય યોજાઈ હતી.આ પ્રસંગે સંતશ્રી ગણેશભગત, સંતશ્રી નારણભગત, સંતશ્રી રણછોડ ભગત અને ભરવાડ સમાજના સંતો મહંતો આગેવાનો ઉપરાંત રાજકોટના સાંસદ શ્રી પરષોતમભાઈ રૂપાલાએ ઉપસ્થિત રહી નવ દંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમુહ લગ્ન આયોજકો દ્વારા દાતાઓના સહયોગથી ઉદાર હાથે કરીયાવર આપવામાં આવ્યો હતો.આ લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

# જાફરાબાદનાં વાંઢમાં રોડનું ખાતમુહુર્ત કરતા શ્રી હિરાભાઇ સોલંકી

**રોડ બનાવવા ગ્રામજનોની વર્ષો જુની માંગણીનો ઉકેલ આવ્યો : ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ : સુવિધામાં વધારો થયો**





રાજુલા, (કનુભાઈ વરૂ)જાફરાબાદ તાલુકાના વાંઢ મુકામે વર્ષો જૂની માંગણી સંબધિત નવો રસ્તો બનાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જાફરાબાદ તાલુકાના થી વારાહસ્વરૂપનાં નવા રસ્તાના ખાતમુહર્ત પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપી હતી.આ બાબતે ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોની સુખાકારી માટે ગુજરાતની ભાજપ સરકારે કમર કસી છે ત્યારે આ રોડનું ખાતમુહર્ત કરી આ વિસ્તારને વધુ એક સુવિધા માટે એક જનપ્રતિનિધિ તરીકે પ્રયાસ કાર્યો હતો. આ તકે જિલ્લા કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ,તાલુકા પંચાયતના પ્રમુખ બાલાભાઈ કોટડીયા,તાલુકા ભાજપના પ્રમુખ કુલદીપભાઈ વરુ,જાફરાબાદ શહેર ભાજપ પ્રમુખ સંદીપભાઈ શિયાળ, ઉપપ્રમુખ કરશનભાઈ પરમાર, હિંમતભાઈ સોલંકી, અજયભાઈ કોટિલા, દિનેશભાઈ ત્રિવેદી, ભીમભાઈ વરુ, ચંદુભાઈ બાંભણિયા, દેવાભાઈ બારૈયા, ભરતભાઈ શિયાળ, વાહાભાઈ પરમાર, સનાભાઈ શિયાળ કનુભાઈ ધૂંધળવા સહિતના ગ્રામજનો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


**અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં રૂમ નં.૧૦૧ મુકામ અમરેલી**

દિવાની પરચુરણ અરજ નં.૩૫/૨૦૨૪

મુદત તા.૦૭-૦૨-૨૦૨૫

અરજદાર તરફે વિ.વ.શ્રી પી.એસ.બાંભણીયા

અરજદાર : શૈલેષભાઇ તુલસીભાઇ વામજા, ઉ.વ.૪૦, ધર્મે હિંદુ, ધંધો વેપાર, રહે. કર્મભુમી, વૃંદાવન પાર્ક-૪, એસ.ટી. ડિવીઝન સામે, તા.જી.અમરેલી

વિરૂધ્ધ................................... સામાવાળા...................................

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ધ હિંદુ એડોપ્શન એન્ડ મેઇન્ટેનન્સ એકટની સેકશન-૯ મુજબ દિવાની પરચુરણ અરજી કરેલ છે. જેમાં જણાવેલ વિગતે અરજદારના પુનઃ લગ્ન થયેલ હોય, તે રીતે અરજદારની સગીર પુત્રી કિંજનના દતક પિતા તરીકે જન્મ તારીખના સર્ટીફીકેટો ફરીથી ઇશ્યુ કરી આપવા તથા સદર સગીર કિંજનની જન્મ નોંધનાં પિતાના નામની કોલમમાં આ કામનાં અરજદારનું નામ દતક પિતા તરીકે દાખલ કરવાનો હુકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સારૂ દાખલ કરેલ છે. આમ આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઇને પણ વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુ.તા.૦૭-૦૨-૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦:૪૫ કલાકે હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.૧૩ મી માહે જાન્યુઆરી સને.૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| એસ.ડી.વસાવડા | પી.ડી.દિક્ષીત | કોર્ટનો સિક્કો | એમ.એન.મકવાણા |
| સિનિ.કલાર્ક (સિવિલ બ્રાન્ચ) | હેડ કલાર્ક (સિવિલ બ્રાન્ચ) | | બેન્ચ કલાર્ક, ગ્રેડ-૧ |
| પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી | | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી |

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨-૨૦૨૫............મુ.તા.૧૩-૦૨-૨૦૨૫

અરજદાર : ગીડા ભીમભાઈ ઘોહાભાઈ રહે.ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી એમ.એ.પઠાણ

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ગીડા ભીમભાઈ ઘોહાભાઈના પત્ની પાચુબેન ભીમભાઈ ગીડાનું અવસાન તા.૧૯-૦૮-૨૦૨૦ નારોજ ગામ ડેડાણ, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પત્ની પાચુબેન ભીમભાઈ ગીડાના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૩-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭-૨૦૨૫............મુ.તા.૨૦-૦૨-૨૦૨૫

અરજદાર : નિલેશકુમાર ભુપતરાય જોષી રહે.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર નિલેશકુમાર ભુપતરાય જોષીનો જન્મ તા.૦૪-૦૧-૧૯૭૨ નારોજ ગામ ખાંભા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૦-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬-૨૦૨૫............મુ.તા.૨૦-૦૨-૨૦૨૫

અરજદાર : રામભાઈ દેવશીભાઈ રાઠોડ રહે.ચક્રાવાપરા, તા.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ચક્રાવાપરા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર રામભાઈ દેવશીભાઈ રાઠોડના પુત્રી માધવી રામભાઈ રાઠોડનો જન્મ તા.૧૪-૦૩-૨૦૨૨ નારોજ ગામ ચક્રાવાપરા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રી માધવી રામભાઈ રાઠોડના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૦-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૫-૨૦૨૫............મુ.તા.૧૩-૦૨-૨૦૨૫

અરજદાર : બાલુભાઈ ભીખાભાઈ ગોહિલ રહે.કંટાળા, તા.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી કંટાળા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર બાલુભાઈ ભીખાભાઈ ગોહિલના પિતા ભીખાભાઈ ગીગુભાઈ ગોહિલનું અવસાન તા.૦૧-૦૬-૧૯૯૭ નારોજ ગામ કંટાળા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પિતા ભીખાભાઈ ગીગુભાઈ ગોહિલના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૩-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૮-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૨-૨૦૨૫............મુ.તા.૦૬-૦૨-૨૦૨૫

અરજદાર : બાનવા અનવરસાહ કાસમસાહ રહે.નિંગાળા-૨, તા.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી એમ.એ.પઠાણ

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી નિંગાળા-૨, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર બાનવા અનવરસાહ કાસમસાહના મોટાબહેન હલીમાબેન કાસમસાહ બાનવાનું અવસાન તા.૧૫-૦૨-૧૯૮૩ નારોજ ગામ નિંગાળા-૨, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના મોટાબહેન હલીમાબેન કાસમસાહ બાનવાના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૬-૦૨-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| કે.પી.રામોલીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| ઈ.ચા.આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ

તા.૧૮-૦૧-૨૦૨૫ શનિવાર

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
**રાજ ફેમીલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ

હેરકટ, કેરાટીન, હાઇલાઇટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઇનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઇડ્રા, બ્રાઇડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઇન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

## ભાવપુર્ણ શ્રધ્ધાંજલી



**સ્વ.ઇન્દુબેન નાનાલાલભાઇ સોમૈયા**
**ખાંભા (હાલ સુરત)**
**જન્મ તા.૧-૧-૧૯૩૮, સ્વ.તા.૧૪-૧-૨૦૨૫**

અમારા સૌના વડીલ... અને અમારા ઉપર સતત લાગણીનો વરસાદ કરનાર... અને પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર ચુક્યા નહી, પરિવાર માટે ફુલો પાથરી ગયા. આપના દિવ્ય આત્માને નત મસ્તક ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરીએ છીએ. ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

— લી. —

| | |
|---|---|
| શ્રી સલીમ બોઘાણી | શ્રી નટવર વાળા |
| શ્રી દિગંત ઉપાધ્યાય | શ્રી ઋષિરાજ વાળા |
| શ્રી અશ્વિન પાઠક | શ્રી અનવર સૈયદ |
| શ્રીમતી માધવી જોષી | શ્રીમતી હીના પાવ |
| શ્રીમતી શિલ્પા કામાણી | શ્રીમતી સેજલ ઘાટલીયા |
| શ્રીમતી પરેશા ચંદારાણા | શ્રીમતી ભાવના સંઘવી |
| શ્રીમતી જાગૃતિ ખંધેડીયા | શ્રીમતી ઉલ્ફત શેખ |
| શ્રીમતી પ્રિના વ્યાસ | શ્રીમતી વંદના વાઘેલા |
| શ્રીમતી અલકા મહેતા | શ્રીમતી વીણા ઠક્કર |
| શ્રીમતી ભારતી રાઠોડ | |

## અવસાન નોંધ

**અમરેલી**

ગૌ.વા. સોની બાબુલાલ હરખચંદ લાઠીગરા ના પુત્ર હર્ષદભાઈ બાબુલાલ લાઠીગરા ઉ. વ. ૬૯ નું તા.૧૬-૦૧-૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.સદગદતનું બેસણું આજે તા.૧૮ - ૦૧-૨૦૨૫ શનિવાર ના રોજ બપોરે ૪ થી ૬ સોની જ્ઞાતીની વાડી ખાતે રાખેલ છે.

## પહેલા પાનાનું કાતિલ પવન

પ્રમાણ ઘટ્યુ પરંતુ કાતિલ ઠંડો પવન ફુંકાવાને કારણે ઠંડી લાગતી હતી. રાત્રીનાં સમયે બજારો પણ સુમસામ ભાસતી હતી અને ખુલ્લામાં રહેતા લોકો એ રાત્રીનાં અને વહેલી સવારે ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લીધો હતો. જ્યારે બહાર નિકળતા અન્ય લોકોએ ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈને બહાર નિકળ્યાં હતાં. અમરેલી શહેરમાં આજના તાપમાનમાં મહત્તમ ૨૭.૨, ન્યુનતમ ૧૩.૨, ભેજ ૬૬ ટકા અને પવન ૧૦.૩ રહ્યો હતો.

## સુરતમાં કાર પલ્ટી જતા એક વિદ્યાર્થીનીનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત, સુરતમાં ગુરુવારે સાંજે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. સુરત બુર્સ નજીક સચિન મગદૃલ્લા હાઈવે ઉપર એક કાર પલટી મારી ગઈ હતી. કારમાં સવાર એક વિદ્યાર્થિનીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ હોઈ તેમને નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડી ગયા હતા. અલથાણ પોલીસે આગળની હાથ ધરી છે. અકસ્માતની પ્રાથમિક માહિતી અનુસાર, શહેરના છેવાડે સચિન મગદૃલ્લા હાઈવે ઉપર ડાયમંડ બુર્સ નજીકથી પસાર થતી વિદ્યાર્થીઓની એક કાર પલટી મારી ગઈ હતી. પગલે સ્થાનિકોની ભીડ ભેગી થઈ હતી. ચાર મિત્રો હ્યુન્ડાઈ ક્રેટા કારમાં એક સાથે ડ્રાઈવ કરવા નીકળ્યા હતાં ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૭ વર્ષની જૈન નામની એક વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યુ હતું.

## બોપલમાં ૯૦ લાખની લુંટનાં લુટારૂઓ ઝડપાયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ, બોપલ વિસ્તારમાં ૨ જાન્યુઆરીએ કનકપુરા જ્વેલર્સમાં ધોળા દ્રિવસે બંદૂકની અણીએ ચાર શખ્સો ૯૦ લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના લૂંટીને ફરાર થઈ હતા. આ મામલે પોલીસે તપાસ કરી ઉત્તર પ્રદેશ સહિતની જગ્યાએથી ચાર આરોપીને ઝડપી લીધા છે. તેઓ સ્થાનિક વિસ્તારમાં સિક્યુરિટી ગાર્ડસ તરીકે કામ કરતા હતા લૂંટ માટે રેકી કરતા હતા. આરોપીઓને કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરતા ગ્રામ્ય કોર્ટના જજ કે. એન. નિમાવતે આરોપીઓના ૧૩ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. તરફ આરોપીઓ ૯૦ લાખની લૂંટ કરી હતી તે પૈકી ફક્ત ૮૦ હજાર જ પોલીસને મળ્યા છે. આરોપીઓએ સોનું નોઈડા જ્વેલર્સને વેચી દીધું હોવાથી પોલીસે માટે ત્યાં જવા તજવીજ હાથ ધરી છે. લૂંટ બાદ પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતા લૂંટારાની વિગતો મળી હતી.

## ભાવપુર્ણ શ્રધ્ધાંજલી



**ગૌ.વા.અનંતરાય હરીલાલ સોનપાલ - લંડન (લેસ્ટર)**
**ગૌ.વા.તા.૧૨-૧-૨૦૨૫, રવિવાર**

ગૌ.વા.અનંતરાય હરીલાલ સોનપાલ - લંડન (લેસ્ટર)
તે રંજનબેન અનંતરાય સોનપાલના પતિ (સોનલ ભજીયા હાઉસ લેસ્ટર)
તા.૧૨-૧-૨૦૨૫ ને રવિવારના રોજ લેસ્ટર મુકામે ગૌલોકવાસી થયેલ છે.

જીવન એવુ જીવી ગયા કે સહુના દીલમાં વસી ગયા, આપનો આનંદીત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શનરૂપે અમારી સાથે રહેશે.પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના...


— લી. —

**લોહાણા મહાજન - ધારી**
**જલારામ સત્સંગ મંડળ - ધારી**
**રઘુવંશી યુવક મંડળ - ધારી**
**જલારામ મહિલા સત્સંગ મંડળ - ધારી**






Alpha Autolink
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ




**શું તમને સાંભળવાની તકલીફ છે ?**


- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

## આઠમી વાર્ષિક પૂણ્યતિથીએ

# શ્રધ્ધાસુમન-ડેડાણ



**ડેડાણ દરબારશ્રી સામંતબાપુ અમરૂબાપુ કોટીલા**
**સ્વ. તા. ૧૮-૧-૨૦૧૭ - ડેડાણ**

આપની ઈષ્ટદેવ શ્રી તુલસીશ્યામ ભગવાન પ્રત્યેની અનન્ય શ્રધ્ધા તેમજ કૌટુંબિક લાગણી ઉપરાંત દરેક સમાજ પ્રત્યેની સદભાવનાનો સિધ્ધાંત હર હંમેશ પ્રેરણાદાયી રહેશે.

ભગવાન શ્રી તુલશીશ્યામ આપના દિવ્ય આત્માને શરણે રાખે એવી શ્રી શ્યામ ભગવાન ને પ્રાર્થના...

— લી. —

| | |
|---|---|
| દ. શ્રી હસુભાઈ એસ. કોટીલા | દ. શ્રી નનકુભાઈ કે. કોટીલા |
| દ. શ્રી મહેશભાઈ એસ. કોટીલા | દ. શ્રી હરદિપભાઈ એસ. કોટીલા |
| દ. શ્રી કિશોરભાઈ એસ. કોટીલા | દ. શ્રી રાજુભાઈ ડી. કોટીલા |
| દ. શ્રી હિતેન્દ્રભાઈ એસ. કોટીલા | દ. શ્રી અનિરૂધ્ધભાઈ એન. કોટીલા |
| દ. શ્રી ઈન્દ્રજીતભાઈ એસ. કોટીલા | દ. શ્રી અશોકભાઈ કે. કોટીલા |

**ડેડાણ દરબારગઢ થી જય શ્યામ**

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**
**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ •
સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ •
સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ •
રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ
01
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
02
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની
03
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ
04
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
05
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી
06
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ
07
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**